
ગાંધીનગર સમાચાર


તા. ૨-૭-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### મોંઘવારીની રૉકેટગતિએ આગેકૂચ

એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી શ્રીહરિકોટા ખાતે ભારતીય અવકાશ વિજ્ઞાનીઓને એમની મહાન સિદ્ધિ બદલ બિરદાવીને સાર્ક સેટેલાઈટનો આઈડિયા આપી રહ્યા હતા અને બીજી તરફ શાકમાર્કેટમાં ડુંગળીના ભાવ રૉકેટ ગતિએ વધી રહ્યા હતા! ડીઝલ-પેટ્રોલ ઉપરાંત સબસિડી વગરના સિલિંડરનો ભાવ પણ વધારી દેવાયો છે. ઈરાક યુદ્ધને કારણે આપણને કોઈ જ અસર નહીં થાય એવું હૈયાધારણ આપનારી સરકારની નજર સામે રાતોરાત પેટ્રોલમાં બે રૂપિયા બાર પૈસાનો અને ડિઝલમાં ત્રેસઠ પૈસાનો ભાવ વધારો નોંધાયો છે, અર્થાત્ દેશની પ્રજા હવે 'અચ્છે દિન' વાળી લોભામણી આશામાં હજી કેટલા દિવસ રાહ જોશે, એ મુદ્દે મુંઝવણ પ્રવર્તી રહી છે. ચૂંટણી ઝુંબેશ દરમિયાન બેફામ વચનવર્ષા કર્યા પછી આષાઢ કોરો ધાકોર નીવડ્યો હોય એવી છેતરામણીનો જનસાધારણ અહેસાસ ન અનુભવે તો જ નવાઈ. મોંઘવારી, મનમોહન અને મોદીની રાશિ એક સરખી છે, એવી પ્રતીતિ થવા લાગી છે. કડવી દવા પીવાની તૈયારી રાખવી પડશે એવી આગોતરી ચેતવણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાઉથ બ્લોકમાં પ્રવેશતાંની સાથે જ આપી દીધી હતી. તે અન્વયે એમના શાસનકાળમાં પ્રારંભિક તબક્કામાં તેઓ લાગલગાટ પ્રજાને આવી કડવી દવાના ડોઝ આપતા રહ્યા છે. ડીઝલ-પેટ્રોલ જેવી રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ પર આપણું નિયંત્રણ નહીં હોવાની વાહિયાત દલીલ પ્રજાને ગળે ઊતરી શકે એમ નથી. ખોટ કરતી ઑઈલ કંપનીઓને સબસિડી આપીને પ્રજાને આવી કોમોડિટીઝ સસ્તા ભાવે આપવાનો અગાઉનો શિરસ્તો તોડનારી મનમોહન સરકાર સામે પ્રજા રોષે ભરાઈ હતી, તે જાણવા છતાં નાણાંકીય શિસ્તના પુરસ્કર્તાઓની સલાહને વળગી રહી, પ્રજા પર સતત વધુને વધુ બોજ ઝીંક્યે રાખવાની કૂટનીતિ મોદી સરકારને ખૂબ જ ટૂંકા ગાળામાં અપ્રિય બનાવી શકે છે. શરૂઆતમાં સેન્સેક્સ જરૂર વધ્યો, પરંતુ પછી તરત જ ડૉલર મજબૂત થતો રહ્યો છે. કોંગ્રેસ ભલે સત્તા બહાર થઈ ગઈ હોય પણ એના પ્રવક્તાઓ મોદી સરકારે સામે ચાલીને પોતાની વિરૂદ્ધ આંદોલન ઊભું કરવાનો મુદ્દો તો આપી જ દીધો છે. શીલા દિક્ષીત સામે ડુંગળીના આસમાને પહોંચેલા ભાવનો મુદ્દો ચગાવી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો સફાયો કરવામાં ભાજપ અને કેજરીવાલની આમ આદમી પાર્ટીને અણધારી સફળતા સાંપડી હતી. અત્યારે ફરી પાછી એ જ પરિસ્થિતિ સરજાઈ છે. ચોમાસું નબળું જવાની શક્યતા દેખાતાં સંઘરાખોરો સક્રિય બની ગયા છે. બીજી તરફ ઈરાકની પ્રવાહી પરિસ્થિતિ જોતાં કાચા તેલની અછત સરજાતાં આંતરરાષ્ટ્રીય બજારમાં એની કિંમતો વધવાની છે. લોકો તો નરેન્દ્ર મોદીને મોંઘવારી, ભ્રષ્ટાચાર, ઘુસણખોરી અને આતંકવાદ સહિતની તમામ સમસ્યાઓનો ચપટી વાગતામાં ઉકેલ આણનાર જાદુગર તરીકે જોતા હતા. એ વખતે અર્થશાસ્ત્રી વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ કે યુવા નેતા રાહુલ ગાંધીની એક પણ દલીલ સ્વીકારવાની પ્રજાની તૈયારી જ ન હતી. નાણામંત્રી પી. ચિદંબરમની વાત કાને ધરવા કોઈ તૈયાર નહોતું. પાકિસ્તાન અને ચીન સામે હુંકાર ભરી શકે, એમને આપણી સરહદોમાં છમકલાં કરતાં અટકાવી શકે - બલકે એમની હેસિયતનું ભાન કરાવી શકે એવા બાહોશ નેતા તરીકે નરેન્દ્ર મોદી પર બધાને ભસોસો બેસી ગયો હતો. પરંતુ મોદીને પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો અનુભવ થયો છે. એમને પણ હવે ડૉ. મનમોહનસિંહ અને પી. ચિદંબરમની જ ભાષામાં વાત કરવી પડે છે. મોંઘવારી પર કાબૂ મેળવવા માટે સંઘરાખોરો સામે તવાઈ લાવી પરિસ્થિતિને નિયંત્રણમાં લેવાનો પ્રયાસ કરાઈ રહ્યા છે. આ નિયંત્રણ રાજય સરકારોના સહયોગથી જ મેળવી શકાય એમ છે. રેલવે ભાડાં અને નૂરમાં વધારો ઝીંકાયો છે, એથી તમામ ચીજવસ્તુઓનાં ભાવમાં વધારો થવાની સંભાવના છે. ખાંડ મોંઘી બની છે એટલે 'ચાયવાલા' તરીકે લોકોની સહાનુભૂતિ રળનારા વડાપ્રધાને તો બેસતાંની સાથે રોજની જરૂરિયાત જેવી ચા પણ કડવી બનાવી દીધી અને 'અમૂલ'ના ભાવવધારાને કારણે બાળકોનું દૂધ દોહ્યલું બની ગયું. ધારે તો સરકાર આ બધી ચીજવસ્તુઓનાં ભાવ નિયંત્રિત કરી શકે એમ છે.








## વૃક્ષારોપણની ઉજવણી

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં વૃક્ષારોપણ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતતા કેળવાય તે હેતુથી શાળા પરિવારના નાના ભૂલકાઓથી લઈ મોટા બાળકોએ નાટક, ભજન, ગીત તેમજ પ્રેરણાદાયી વક્તવ્ય દ્વારા વૃક્ષારોપણનો ઉત્સાહ પુરો પાડી નવી ચેતના જગાવી હતી. તેમજ શાળા પ્રાંગણમાં શૈક્ષણિક સ્ટાફ, વિદ્યાર્થીએ વિવિધ પ્રકારના વૃક્ષો રોપીને વૃક્ષો પ્રત્યેની જાગૃત જ્યોત જગાવી હતી.

## શાળા પ્રવેશોત્સવમાં સહયોગ મંડળનું યશસ્વી યોગદાન





ગાંધીનગર, તા.૧

શહેરની પ્રાથમિક શાળાઓમાં સરકાર દ્વારા પ્રવેશોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો. પ્રવેશોત્સવમાં સરકારના વિવિધ ખાતાના અધિકારીઓ શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થયા હતા. આ ભગીરથ કાર્યમાં શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓએ જોડાઈને ભુલકાઓને પ્રવેશ કરાવ્યો હતો.

બાળકો શિક્ષણના સાધનો થકી બાળક ભવિષ્યમાં શિખરો સર કરે તે માટે શાળામાં એકડો ઘુંટાવવામાં આવ્યો હતો. સરકારી તંત્રની સાથે સહયોગ મંડળ દ્વારા સેકટર-૩ની પ્રાથમિક શાળામાં ૨૨૫, સેકટર-૬માં ૨૯૭, સેકટર-૮માં ૨૨૫, સેકટર-૧૩-૧ અને ૨માં ૬૬૨ અને પેથાપુર પ્રાથમિક શાળામાં ૨૫૦ સહિતના વિદ્યાર્થીઓને રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ કરી શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી હતી.

યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશ જહા, આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર ચૌધરી, કોર્પોરેટર ગોવિંદભાઈ પરમાર, મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

## અક્ષરધામ ખાતે 'દૈનિક જીવનમાં ઉપયોગિતા' વિષય પર વ્યાખ્યાન યોજાયું

### ભૂકંપ, સુનામીને કોઈ રોકી શકતું નથી એમ મૃત્યુને કોઈ રોકી શકતુ નથી : પૂ. બ્રહ્મદર્શદાસ સ્વામી

ગાંધીનગર, તા.૧

'આર્ષ' સંશોધન કેન્દ્ર ગાંધીનગર દ્વારા પરમ પૂજય શ્રી પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી છેલ્લા ૧૭ વર્ષથી નિયમિતરૂપે ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય તે હેતુને લક્ષમાં રાખીને સંસ્થાના વિદ્વાનો દ્વારા વ્યકિતવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર પર દર ત્રણ માસે પ્રવચનનું આયોજન થાય છે. તાજેતરમાં શાસ્ત્ર વિષય પ્રવચનમાળા અંતર્ગત 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'સાંખ્યદર્શન : દૈનિક જીવનમાં ઉપયોગિતા' ૬૮મી પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના સુપ્રસિદ્ધ વિદ્વાન સંત પૂજય બ્રહ્મદર્શનદાસ સ્વામીએ આ વિષે પ્રવચન કર્યું હતું. પ્રવચનમાં આશરે ૧૫૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

બ્રહ્મદર્શનદાસ સ્વામીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે જો દાર્શનિક ધર્મ હોય તો તે હિંદુ ધર્મ છે તે માટે ઋષિમુનિએ સૌથી વધારે ધાર્મિક સંશોધન કર્યુ છે. ભારતમાં જે ચિંતન થયું છે તે દુઃખમાંથી મુકિત મેળવવા માટે થયું છે. મનુષ્ય જગતમાં ભૌતિક સુવિધા હોવા છતા દુઃખી કેમ છે તેનો ઉપાય શોધવા ઋષિમુનિ સંશોધન કર્યું છે. વિશ્વમાં મનુષ્યોના પ્રશ્નોનું ચિંતન કર્યું છે. ઉપાય શોધનાર ભારત છે. મુખ્ય છ દર્શન છે. એમાં આપણે સાંખ્ય દર્શનનો વિચાર કરવાના છીએ. બંધનમાંથી મુકિત મેળવવી એ સાંખ્યનો વિચાર છે તેની ચોવીસ તત્ત્વોની ગણના થાય છે. જે તત્વોનો યથાર્થ વિવેક જ્ઞાન આપતું હોવાથી તેને સાંખ્ય દર્શન કહેવામાં આવ્યું છે. સાંખ્ય દર્શનનો ઈતિહાસ જૂનો અને પુરાણો છે. વેદ, ભાગવત, મહાભારત અને ઉપનિષદોમાં પણ સાંખ્ય દર્શનનું બંધારણ આપ્યું છે. પણ સૌથી વધારે જો બંધારણ આપ્યું હોય તો તે કપીલજીએ સાંખ્યકારિકામાં આપ્યુ છે તેમાં પહેલા સૂત્રમાં લખ્યું છે કે ત્રણ પ્રકારના દુઃખ છે. આધીભૌતિક, આધીદૈવિક અને આધ્યાત્મિક. દુઃખના બે પ્રકાર છે શારીરિક અને માનસિક. માનસિક દુઃખ કયા તો પદાર્થ, સત્તા વગેરે ન મળવાથી માનસિક આઘાત લાગે છે તે માનસિક દુઃખ છે અને અપ્રિય વસ્તુ આપણા જીવનમાં આવે તે માનસિક દુઃખ છે. પશુ-પક્ષી અને પ્રાણીઓ દ્વારા જે દુઃખની પ્રાપ્તિ થાય તે આધીભૌતિક દુઃખ છે. મહાભારતમાં લખ્યું છે કે વાસના હિત કોણ થાય? જે જડ પ્રકૃતિ અને પુરુષનું જ્ઞાન થાય તો કાયમી દુઃખ થાય. આપણું પ્રારબ્ધ છે ત્યાં સુધી નવો જન્મ મળવાનો જ છે. પ્રારબ્ધ શેમાંથી બને છે? સંચિત કર્મમાંથી. સંચિત કર્મ પુરા થાય તો પ્રારબ્ધનું પુરું થાય. અજ્ઞાન જ્ઞાનથી, સાંખ્ય દર્શનથી અને વિવેક જ્ઞાનથી દૂર થાય. વિવેક જ્ઞાન થાય તો જીવનના કેટલાક દુઃખો આવે જ નહી. પ્રારબ્ધમાં જે દુઃખ અને સુખ છે તે તો આવવાના પણ આ જ્ઞાનની કલમ આપણા હાથમાં આવી જાય તો સુખ દુઃખમાં પણ ભય રહેતો નથી. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને સાંખ્યયોગ વિશે વાત કરી છે. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં સાંખ્યની વાત કરી છે.

## હરિની દ્રષ્ટિ...




બહેન કહે છે બજેટના પાયામાં વિકાસ છે, અને વિરોધપક્ષ કહે છે પાયા - વિહોણું છે...!!



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

➜ વર્ષ ૨૦૧૪ રિલાયન્સ ઇન્ફોકોમના નવા પ્રમુખ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
જ. **સુનીત દત્ત**
➜ વર્ષ ૨૦૧૪ ઇંફોસીસ કંપનીના નવા સીઇઓ પદે કોની વરણી કરવામાં આવી છે?
જ. **વિશાલ સિક્કા**
➜ તાજેતરમાં પાકિસ્તાનના કયા હવાઇ મથક પર આતંકવાદી હુમલો થયો હતો?
જ. **જીન્ના હવાઇ મથક**
➜ વર્ષ ૨૦૧૪માં ભારતના સોલિસિટર જનરલ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
જ. **રંજીત કુમાર**
➜ વર્ષ ૨૦૧૪માં ભારતીય નૌસેનામાં દેશી બનાવટનું કયું યુદ્ધજહાજ સામેલ કરવામાં આવ્યું છે?
જ. **INS કોલકાતા**
➜ વર્ષ ૨૦૧૪માં એક ભારત, એક કિંમત રોમિંગ યોજના કઇ કંપની દ્વારા શરૂ કરવામાં આવી છે?
જ. **રિલાયન્સ કમ્યુનિકેશન**
➜ ફિફા-ફુટબોલ વર્લ્ડકપ ૨૦૧૪માં કુલ કેટલી ટીમ જોડાઇ છે?
જ. **૩૨ ટીમ**
➜ વર્ષ ૨૦૧૪ ભારતીય મૂળની કઇ મહિલાની અમેરિકાના ઉપવિદેશ સચિવ પદે નિયુક્ત કરવામાં આવી છે?
જ. **નિશા દેસાઇ બિસ્લાવ**
➜ તાજેતરમાં કેનેડિયન એફ-૧ ગ્રાંડપીક્ષ ૨૦૧૪નો ખિતાબ કોણે હાંસલ કર્યો હતો?
જ. **ડેનિયલ રિક્કિયર્ડો**
➜ કોમનવેલ્થ ગેમ્સ-૨૦૧૪માં કયુ ભારતીય સંગીત સમૂહ પ્રદર્શન કરશે?
જ. **કાવા સંગીત સમૂહ**
➜ વર્ષ ૨૦૧૪ વિશ્વના કયા દેશે યૂરોને પોતાના દેશની મુદ્રા તરીકે સ્વીકાર કર્યો છે?
જ. **લિથુઆનિયા**
➜ 'કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૪'નું આયોજન કયા દેશમાં કરવામાં આવ્યું છે?
જ. **ગ્લાસગો**
➜ વર્ષ ૨૦૧૪માં મધ્યપ્રદેશના આરોગ્ય કાર્યક્રમ 'મમતા અભિયાન'ના રાજદૂત તરીકે કોની નિયુક્ કરવામાં આવી છે?
જ. **માધુરી દિક્ષીત**
➜ તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાની પર ટપાલ ટિકિટ બહાર પાડી હતી?
જ. **ફુટબોલ વિશ્વકપ**
➜ CCTV સજ્જ ભારતનું પ્રથમ શહેર કયું છે?
જ. **સુરત**
➜ ૨૦૧૪ ફિફા ફુટબોલ વિશ્વકપમાં જીત-હારની ભવિષ્યવાણી કરનાર ઊંટનું નામ શું છે?
જ. **શાહીન**
➜ જી-૭ શિખર સંમેલન-૨૦૧૪ કયા શહેરમાં યોજાયું હતું?
જ. **બ્રુસ્સેલ્સ (બેલ્જિયમ)**
➜ વર્ષ ૨૦૧૪માં પશ્ચિમી નૌસૈનિક કમાંડના કમાંડર ઇન ચીફ તરીકે કોની નિયુક્તી કરવામાં આવી છે?
જ. **અનિલ ચોપરા**
➜ વર્ષ ૨૦૧૪માં આયોજીત ફુટબોલ વિશ્વકપ કેટલામો વિશ્વકપ છે?
જ. **૨૦મો**
➜ ફ્રેન્ચ ઓપન-૨૦૧૪ પુરૂષ એકલનો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો હતો?
જ. **રફેલ નડાલ**

## જયારે પેશલ શકુંતલા બની હતી ઉન્નતમસ્તક શક્તિરૂપા !

મહાભારતની મજા એની ઘટનાઓમાંથી રસાતી સાફ્લ્યવાણી અને જીવનની અનિશ્ચિતતાઓમાં પણ ક્યાંક કોઇ ગોવિંદની મોરલી કાને પડે તેમં છે. કુદરત જેમ પોતાના વૈભવને વિખરાયેલો રાખે છે તેમ ન ઓળખાતી ઘટનાઓ અને સૂક્ષ્મ થઇ જતાં પાત્રોથી માણસ સદીઓથી ઘેરાયેલો છે. તેની નજર સામેથી જગત નામનું ચિત્રપટ સતત ફર્યા કરે છે. પ્રકૃતિની ઝાકળઝંઝામાં જળ ત્યાં સ્થળ સહજ છે, તેમ આપણી જીવનમાં રંગમંચ ઉપર પણ આજનું ગમતીલું ઘર કાલે ઓથાર આપનાર બની જાય તો નક્કી નહીં! જીવનની રમત સાપસીડીની રમત બનતા વાર નથી લાગતી. પણ મહાભારતકાર વિવિધ પાત્રોના માધ્યમથી તેમાંથી પાર ઉતરવાની ચાવીઓનો જુડો દિવ્ય ગ્રંથમાં સંતાડીને રાખ્યો છે.

રાજા દુઃષ્યન્તે, ભરતને લઇને આવેલી શંકુતલાને, નિષ્ઠુરતાથી અપનાની, તેનાં માતાપિતા ઉપર આક્ષેપ કરી, ચાલ્યા જવાનું કહ્યું. તમારે માનિની પંડિતા શકુંતલા જવાબ આપતાં, સજ્જન-દુર્જનનાં લક્ષણો કહે છે. 'જેમ ભૂંડ વિષ્ટાથી ભેટ ભરે છે તેમ મૂર્ખ માણસ અશુભ વાણીથી પોતાના મનને દુર્ગંધયુક્ત બનાવે છે. જેમ હંસ પાણીમાંથી દૂધ ગ્રહણ કરે છે, તેમ પ્રાજ્ઞ પુરૂષ, બોલનાર મનુષ્યની શુભ-અશુભ વાણીમાંથી ગુણવાળા વાક્યનું ગ્રહણ કરે છે.' સજ્જન-દુર્જનની ઓળખ માટે આ કસોટી કામે લગાડવા જેવી છે. બીજાની નિંદા કરતાં સજ્જનોને જેમ પરિતાપ થાય છે, એમ બીજાની નિંદા કરતાં દુર્જન સંતુષ્ટ થાય છે!

મહાભારતકાર કહે છે કે, 'વૃદ્ધોને અભિવાદન કરીને જેમ સજ્જનો શાંત થાય છે, એમ સારા માણસોની નિંદા કરીને મૂર્ખ શાંત થાય છે! પોતાના દોષ નહિં જાણનારા અને પારકા દોષને જોનારા મુર્ખો ચેનથી જીવે છે, અને બીજાઓ જે કાર્યમાં મૂર્ખોને અયોગ્ય ગણે છે, તે કાર્ય માટે મૂર્ખાઓ સજ્જનોને અયોગ્ય ગણે છે! વળી આ દુનિયામાં આનાં જેવું એકે હાસ્યપાત્ર નથી કે જયાં દુર્જન બીજાને દુર્જન કહે છે અને પોતાને સજ્જન કહે છે! સત્ય ધર્મથી ચ્યુત થયેલા માણસથી નાસ્તિક પણ, કોપેલા ઝેરી સાપથી બીએ એમ, બીએ છે. તો આસ્તિક માણસનું તો કહેવું જ શું?'

સ્વામી રામતીર્થ એક દિવસ નદીપાર જતા હતા. નાવમાં કેટલાક એવા હિન્દુઓ હતા જેણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો. સાથે મિશનરી સાધુ પણ હતા. મિશનરી પાદરીએ જાણે પડકાર ફેંકતા હોય તેમ આ ખ્રિસ્તી થયેલા પરિવાર સાથે વાર્તાલાપ કરવા સ્વામીને કહ્યું. સ્વામી રામતીર્થ તરત તેમની પાસે લોકોએ તમારી દેખભાળ કરી તમારી સાંસારીક ઉન્નતિ પણ કરી તેથી હું આનંદિત થયો છું. જયારે તમને આધ્યાત્મિક ઉન્નતિની જરૂર જણાય ત્યારે તમે ભારતભૂમિનાં જ સંતાન છો એ ભૂલશો નહીં. ત્યારે પાદરી બોલ્યા : 'સ્વામીજી, વિશ્વભરમાં અમારા ધર્મ અને પ્રચારકોની સંખ્યા બધા ધર્મ કરતાં વધારે છે.' સ્વામીએ પુછ્યું : 'વિશ્વમાં તો ધાર્મિક લોકોની સંખ્યા બધા ધર્મ કરતાં વધારે છે એ અધાર્મિક શેતાનોની સંખ્યા વધારે છે? પાદરી તરત બોલ્યા : 'એમ

### વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

તો શેતાનોની સંખ્યા વધારે છે.' સ્વામીજી પ્રત્યુત્તર આપતાં કહ્યું, 'હું એટલું જ માનું છું કે ધર્મ અને પ્રચારકોમાં સંખ્યાનું મહત્ત્વ નથી.' આપણાં સંતો હાલતી-ચાલતી પાઠશાળાઓ હતા. તેમના શબ્દોમાં નહિં તેમનાં વર્તનમાંથી જ પ્રગટ છે એક જીવનવિચાર.

શકુંતલા ભલે કહેવાતી તડછોડાયેલી સ્ત્રી હોય પણ તેની પાસે એટલી સમજ તો પાકી હતી કે 'આમાં મારા પક્ષે કોઇ ભૂલ નથી. મારે કોઇ રીતે પસ્તાવા જેવું નથી.' તે માત્ર રડતાં બેસી રહેનાર નારી નથી. તેણે જાતે જ ગણતરી કરી કે મારી રીતે હું સાચી છું. શકુંતલાએ કરેલી સરખામણી જુદા દૃષ્ટિબિન્દુથી દેવી અને આસુરી સંપત્તિની, સંયમ અને અસંયમની, જ્ઞાન અને અજ્ઞાનની સરખામણી છે. મહાભારતકારે આ સરખામણીથી બતાવ્યું છે કે, પારલૌકિક અને સાધુ જીવન માટે જ માત્ર, દૈવીસંપત્તિ અર્થાત્ સદ્ગુણોની જરૂર નથી, પણ સુખી ચિંતામુક્ત લોકયાત્રા - ભૌતિક જીવન જીવવા માટે પણ એની જરૂર છે. જયાં જયાં જેટલાં જેટલાં પ્રમાણમાં દૈવીસંપત્તિ, સંયમ, ધર્મનો નિષેધ છે, એટલા પ્રમાણમાં કલહ, લડાઇ, દુઃખ, અસંતોષ અને અવનતિ રહેવાનાં તથાં જયાં જેટલાં પ્રમાણમાં સંપ, સુલેહ, સુખ, સંતોષ અને ઉન્નતિ વસવાના.

ગીતાનાં અંતે સંજયે 'જયાં ગોપાલકૃષ્ણ છે અને ધનુર્ધર પાર્થ છે ત્યાં શ્રી, વિજય, અવિચળ ભૂતિ - સંપત્તિ અને નીતિ - ભૌતિક જીવન જીવવાની કળા છે, એવો મારો મત છે.' એમ કહ્યું છે તે સમગ્ર જીવનને, સૂક્ષ્માતિતસૂક્ષ્મ - આત્મિકથી માંડીને સ્થૂલાતિસ્થૂલ ભૌતિક જીવન સુધીને, એકધારું લાગુ પડે છે.

વ્યાસે શાશ્વત સુખ મેળવવા માટે શોધાયેલા સિદ્ધાંતોને, વિવિધ રીતે, વિવિધ કક્ષાનાં માણસો કેવી રીતે આચરી શકે, તે ભાષાના વિવિધ લક્ષણો દ્વારા વ્યક્ત કર્યા છે. શકુંતલાનું વકતવ્ય જ્ઞાન મેળવવાની શરૂઆત કરતા જિજ્ઞાસુ માટે અત્યંત સરળ રીતે, નિંદારસના ઉચ્છેદની શરૂ થતાં, ગુણગ્રાહકતાથી સચિંત થતા અને આચારથી વિકસતા જ્ઞાનભંડારથી વિપુલ શક્યતા પ્રત્યે ઉત્સાહપ્રેરક દિગ્દર્શન કરે છે. 'મનુષ્ય જેવો સજ્જનમાં વિશ્વાસ હોય છે, તેવો પોતાનામાં પણ નથી હોતો, તેથી સર્વ મનુષ્યો ખાસ કરીને સજ્જન સાથે પ્રીતિ ઇચ્છે છે. સર્વ પ્રાણીઓ પ્રત્યે સહભાવથી વિશ્વાસ ઉત્પન્ન કરે છે. સજ્જનો શાશ્વતી ધર્મવૃત્તિવાળા હોય છે; સજ્જનો સીદાતા નથી, તેમ દુઃખી થતા નથી, સજ્જનોનો સજ્જનો સાથેનો સમાગમ અફળ જતો નથી, સજ્જનથી સજ્જનથી ભય થતો નથી. સજ્જનો જ સત્યથી સૂર્યને ગતિમાન કરે છે, સજ્જનો ધરતીને તપ વડે ધારણ કરે છે. હે રાજ! સજ્જનો ભૂત ભવિષ્યના આધાર-ગતિ છે, સજ્જનોની મધ્યે સજ્જન સીદાતો નથી.' ગાંધીજીએ મહાભારતની શ્રેષ્ઠતા વિષે કહ્યું છે : 'મહાભારતને કોઇ ઉપમા આપવી હોય તો, તે ગણ્યાંગાંઠ્યાં સુંદર સુંદર જવાહિરોવાળી તિજોરીની સાથે ન આપી શકાય, પણ કોઇ અખૂટ ખાણ - સાકર સાથે જ આપી શકાય કે જેને જેમ જેમ ઊંડે ખોદીએ તેમ તેમ તેમાંથી વધારે કિંમતી જવાહિર નીકળતાં જાય.' વિશ્વના નામાંકિત પ્રાચ્યવિશારદ જર્મન વિદ્વાન ડો. વિન્તરનિત્ઝ આધુનિક અર્થમાં ઇતિહાસ અને પુરાતત્વની દૃષ્ટિએ મહાભારતનું મૂલ્યાંકન કરતાં આ ગ્રંથને વૈદિક, જૈન અને બૌધ સાહિત્ય, ઉત્કીર્ણ લેખો, ઉત્તરકાલનું સંસ્કૃત સાહિત્ય અને પ્રાચીન તથા બ્રાહ્મણ ધર્મનું સાહિત્ય અને એ બધાનું એકીકરણ કરતાં કેન્દ્ર તરીકે ઓળખાવે છે.'